સંકલિત બાળ વિકાસ યોજના
અંતર્ગત કોર્પોરેટ સોશિયલ
રીસ્પોન્સિબિલિટી (C.S.R.)
પોલીસી તૈયાર કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ: ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૭૭૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૬/૨૦૧૯

વંચાણે લીધા:

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: વહટ-૪/આઇસીડીએસ/ઇસીસીએ-તાલીમ/૨૩૬૭૩૨-૭૩૩/૨૦૧૮ તા: ૨૦/૧૨/૨૦૧૮

આમુખ:

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ચાલતા સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની આંગણવાડીઓના માધ્યમથી સી.એસ.આર. એક્ટીવીટી ની ઘણી રજુઆતો વિભગને મળે છે. હાલમાં સી.એસ.આર. પોલીસી ન હોવાથી સદર રજુઆતોનો યોગ્ય અભ્યાસ કરી એકસુત્રતા સાથે પરિણામકારક અમલીકરણ શક્ય બનતું નથી. આ પોલીસી તૈયાર કરવા માટે તે અંગેની તાંત્રીક સમજ તથા કૌશલ્ય જરૂરી છે. જેથી વિભાગ દ્વારા સી.એસ.આર પોલીસી તૈયાર કરવા માટે એમ.એસ. યુનિવર્સિટી ને વિનંતી કરતા ડો.ભાવનાબેન મહેતા, ફેકલ્ટી ઓફ સોશીયલ વર્ક, એમ.એસ. યુનિવર્સીટી વડોદરા દ્વારા તે અંગેની દરખાસ્ત મોકલેલ છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૦/૧૨/૨૦૧૮ ના પત્રથી તે અંગે થનાર ખર્ચની મંજુરી માટે દરખાસ્ત કરેલ છે. જેથી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજના માટે ડો. ભાવનાબેન મહેતા, ફેકલ્ટી ઓફ સોશીયલ વર્ક, એમ.એસ. યુનિવર્સીટી, વડોદરા ને નોમિનેશન બેસિસ ઉપર સી.એસ.આર પોલીસી તૈયાર કરવા તેમજ એક વર્ષ માટે ચલાવવા આથી મંજુરી આપવામાં આવે છે. આ સમગ્ર પોલીસી તૈયાર કરવા માટે નીચેની વિગતે કુલ. રૂ. ૫,૬૮,૦૮૦/- ના ખર્ચને ચાલુ વર્ષની ઉપલબ્ધ બજેટ જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવા તથા ખૂટતી જોગવાઇ આગામી અંદાજપત્રમાંથી કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

| No. | Particular | Amount (in Rupees) |
|---|---|---|
| 1 | Honorarium to Director(Rs.1000pm X 4 Months) | 4000/- |
| 2 | Honorarium to Principal Investigator (Rs.2000pm X 4 months) | 8000/- |
| 3 | Honorarium to Co-principal Investigator (Rs.1000pm X 4 months) | 4000/- |

| | | |
|---|---|---|
| 4 | Research/project Assistant (Rs.30000pm X 4 months) | 120000/- |
| 5 | Honorarium to Consultants/Advisors (Rs.5000 per Consultant/Advisor X 8 persons) | 40000/- |
| 6 | Contingencies | 50000/- |
| 7 | Full time consultant for policy Execution (Rs.25,000 x 12 months) | 300000/- |
| | Total | **526000/-** |
| 8 | ADD: University Management Charges @ 8% | 42080/- |
| | **Total** | 568080/- |

આ અંગેનો ખર્ચ નીચે મુજબના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૧૦૬

મુખ્ય સદર : પોષણ ૨૨૩૬

પેટા મુખ્ય સદર: ૦૨ પોષણ અને ખાધ પીણાની વહેચણી

ગૌણ સદર : ૮૦૦-અન્ય ખર્ચ

પેટા સદર : ૧૯- મિશન બલમ સુખમ આઇસીડીએસ મિશન

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકઃ ની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૭/૩/૨૦૧૯ તથા સરકારશ્રીની તા.૪/૫/૨૦૧૯ થી મળેલ મંજુરી તેમજ લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૧૯ ની આદર્શ આચાર સંહિતાનો અમલ પૂર્ણ થયેથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. રા.ક. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસ કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર.

એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

નાણા સલાહકરશ્રી મહિલા અને બાળ વિકાસ,નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તમામ

જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી(આઇસીડીએસ), ગુજરાત રાજ્ય તમામ

શાખા સિલેક્ટ ફાઈલ.